175

**સુધારા ઠરાવ :–**
**જુદા જુદા વિભાગની આવાસ યોજનાઓ માટે સુધારેલી યુનિટ કોસ્ટ રાજ્યની આવાસ યોજનાની યુનિટ કોસ્ટ વધારવા બાબત.**
**(વિકલાંગ વિધવા બહેનોને આવાસ સહાય બાબત)**

ગુજરાત સરકાર
પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક : પરચ/૧૦૨૦૦૯/૮૧૯/લ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૩૦–૦૬–૨૦૧૧

વંચાણે લીધો :– પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો સરખા ક્રમાંકનો ઠરાવ ક્રમાંક : પરચ/૧૦૨૦૦૯/૮૧૯/લ, તા.૧૧/૮/૨૦૧૦

**આમુખ :–**

ગુજરાત રાજ્યમાં જુદા જુદા વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં રાજ્ય પુરસ્કૃત, કેન્દ્ર પુરસ્કૃત, રાજ્ય અને કેન્દ્ર પુરસ્કૃત વિવિધ આવાસ યોજનાઓ અમલમાં છે. સદર બાબતે વિભાગના ઠરાવ તા.૧૧/૮/૨૦૧૦ થી રાજ્યમાં અમલમાં છે તેવી ૧૦ આવાસ યોજનાઓની યુનિટ કોસ્ટ રૂા.૫૪૫૦૦/– નક્કી કરવામાં આવેલ છે તથા તમામ યોજનાઓમાં સહાયની રકમની ચુકવણીની પધ્ધતિ તથા અન્ય વહીવટી બાબતો અંગે પણ વિભાગ દ્વારા અગાઉ વિસ્તૃત સુચનાઓ બહાર પાડવામાં આવેલ છે. પરંતુ આ યોજનાઓમાં વિકલાંગ વિધવાઓને મકાન સહાયની યોજનાનો સમાવેશ થતો નથી. આથી આવાસ સહાય વિકલાંગ વિધવા બહેનોને પણ આપવાની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે ઉપરોક્ત ઠરાવમાં નીચે મુજબ ઉમેરો કરવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ :–**

પુખ્ત વિચારણાને અંતે વિકલાંગ વિધવા બહેનો માટે પણ આવાસ યોજનાની સહાય આપવા માટે અનુક્રમ નં.૧૧ ઉપર નીચેની વિગતે ઉમેરો કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

| ક્રમ | યોજનાનું નામ | અમલીકરણ વિભાગ | લાભાર્થી ગૃપ | યુનિટ કોસ્ટ | | |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૬ | | |
| ૧૧ | વિકલાંગ વિધવા આવાસ યોજના | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | વિકલાંગ વિધવા હોવા જોઈએ. | | રાજ્ય સરકારની સહાય | રૂા.૪૫,૦૦૦/– |
| | | | | + | શ્રમફાળો | રૂા.૭,૦૦૦/– |
| | | | | | કુલ રૂપિયા | રૂા.૫૨,૦૦૦/– |
| | | | | + | ટોઈલેટ બ્લોક | રૂા. ૨,૨૦૦/– |
| | | | | + | ટોઈલેટ બ્લોક શ્રમફાળો | રૂા. ૩૦૦/– |
| | | | | | કુલ યુનિટ કોસ્ટ | રૂા.૫૪,૫૦૦/– |

1

૧૬૪

176

સદર બાબતે તા.૧૧/૮/૨૦૧૦ ના ઠરાવ મુજબની અન્ય શરતો યથાવત રહેશે. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૩૦/૫/૨૦૧૧ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે કરવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એન.ડી.ચૌધરી)
નાયબ સચિવ
પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને
ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન.રાજયપાલશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અધિક અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. મંત્રીશ્રી, રા.ક.મંત્રીશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નર વ. અગ્રસચિવશ્રી, ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ, ખનીજ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી, ખેતી અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ / રાજકોટ
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- ઉદ્યોગ કમિશ્નરશ્રી, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, મત્સ્યદ્યોગ, ગાંધીનગર
- નિયામકશ્રી, સમાજ કલ્યાણ / વિકસતી જાતિ / આદિજાતિ વિકાસ
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- સર્વે જિલ્લાના કાર્યપાલક ઈજનેરશ્રી (પંચાયત)
- સભ્ય સચિવશ્રી, ગુજરાત જમીન વિહોણા મજુરો અને હળપતિ ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ, ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
- નાણાંકીય સલાહકારશ્રી (પંચાયત), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ઉપસચિવશ્રી (બજેટ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે અધિકારીશ્રીઓ, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,ગાંધીનગર
- સર્વે શાખાઓ, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેકટ ફાઈલ

નં. સમગ/વિ-મકાન-સહાય/૧૧-૧૨/૯૮૦૭;
નિયામક, સમાજ સુરક્ષા ખાતાની કચેરી,
ગુજરાત રાજય, ડૉ. જીવરાજ મહેતા ભવન,
બ્લોક - ૧૬, જુના સચિવાલય, ગાંધીનગર.
તા.૨૨-૭-૨૦૧૧

નકલ સવિનય રવાના જરૂરી કાર્યવાહી સારૂ.
૧) સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ.
૨) સંબધિત ફાઈલ.

નાયબ નિયામક
સમાજ સુરક્ષા ખાતુ,
ગુજરાત રાજય, ગાંધીનગર

૧૯૫

૧૨૫